ગાંધીનગર સમાચાર





# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

સુધરતા નથી સંબંધો, ચર્ચામાં ચૂંથાય છે,
કાપે ભારતના તાણા, વાણા ચીનથી ગૂંથાય છે,
બૂથાય નાપાક, જૂથાય દુશ્મનો, ભૂંજાય મૈત્રી -
દિશાહીન વિદેશનીતિ વિશ્વમાં કૂંથાય છે...

હાઈકુ

લૂખાં ભાષણ -
- ભપકો રોશનીથી,
સ્થાપના દિન...
(શુષ્ક ક્રિયાકાંડ)

જૂથના તાપે,
જામીન રેબઝેબ -
ભાષા ભીંજાય...
(હાર્દિક નરમ પડયા)

## ચિંતન

**પ્રેમ બિના જો ભક્તિ હૈ; સે નિજ દંભ વિચાર,**
**ઉદર ભરકે કારણ,જન્મ ગંવાયે સાર**

કબીર દ્વારા પ્રેમની વ્યાખ્યા અતિ વિશાળ છે. હકીકતમાં આ પંક્તિમાં અદ્વૈતનો પર્યાય પ્રેમ બની જાય છે. સર્વ જીવોમાં સમદ્રષ્ટિ રાખી મામકા અને પરાયાનો ભેદ ન કરવો એ સાચી ભક્તિ માટે જરુરી છે. મોહ, મદ અને લોભ છુટ્યાની નિશાની વિશ્વવ્યાપી પ્રેમ છે. પ્રેમનો અર્થ સંસારમાં આસક્તિના અર્થમાં થાય છે. પતિ-પત્ની, ભાઈ-બહેન, માતા-પિતા અને સંતતિ વચ્ચે પારિવારિક બંધનો છે. તેમાં ચડાવ ઉતાર આવે છે. સમષ્ટિ માટે જેને પ્રેમ છે તે જ સાચા સંત-મહાત્મા છે. પ્રેમ વિનાની ભક્તિ દંભ છે. કારણ કે સ્વ ઓગળી ન જાય - સર્વમાં રામ અને શિવના દર્શન ન થાય તો જીવનમાં સાર પ્રાપ્ત થતો નથી. આવી ભક્તિ પેટ ભરવાની પ્રવૃત્તિથી વિશેષ નથી. કબીરનો મત સ્પષ્ટ છે કે, જગતનું કલ્યાણ કરે તે શિવ અને સર્વ દુઃખોનું હરણ કરે તે હરિ છે. અસારને સાર માનીને સંસારમાં ભટકતા રહેવું તે દુઃખનું કારણ છે, ઈચ્છાપૂર્તિથી સુખ પ્રાપ્ત થાય તો પણ તે અસાર અને અસ્થાયી સાબિત થાય છે.

## સુવિચાર

- બુદ્ધિમતા વિના ન્યાય અસંભવ છે - **ફ્રોઈડ**
- જે ગરીબી આળસ, વ્યસન, મૂર્ખતા અને નકામા ખર્ચને કારણે આવી હોય તે શરમજનક છે એ સિવાયની ગરીબી માટે શરમાવાનું ન હોય - **પ્લુટાર્ક**
- જે ગરીબો ઉપર દયા કરે છે પોતાના કૃત્યોથી ઈશ્વરને ઋણી બનાવે છે - **બાઈબલ**
- ચારિત્ર્ય જીવનમાં શાસન કરનારું તત્ત્વ છે, અને તે પ્રતિભાથી પણ ઉચ્ચ છે - **ટી.એસ. ઇલીયટ**
- ચિંતાથી લોહીનું, વ્યસનથી ધનનું, અને પ્રભુ પ્રત્યેની વિમુખતાથી જીવનનું પાણી થાય છે - **ધૂમકેતુ**
- અસત્ય વિજયી નીવડે તો પણ તે વિજય અલ્પજીવી હોય છે - **રૂસો**
- આજનું ઔષધ : ૨ ચમકી તુવેરદાળ પાણીમાં ઉકાળી તે પાણી પીવડાવવાથી ભાંગનો નશો ઉતરી જાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

કામ, કર્તવ્ય, ફરજ ચાહે મોટા ઔદ્યોગિક કેન્દ્રમાં હોય કે રસોડામાં રસોઈ કરતી સ્ત્રીનું હોય, કામ કરવા તરફનો તમારો દૃષ્ટિકોણ, ભાવ, પ્રેમ, લાગણી કેવાં છે તેના પર તમારા કામનો પ્રભાવ પડે છે, રસોઈમાં સ્વાદ ઉમેરાય, ઉદ્યોગમાં સફળતા... વેઠથી વ્યર્થ જન્મે...

ત્રણ મજૂર એક વિશાળ મંદિર બાંધકામ માટે પથ્થર ઘડી રહ્યા હતા - એક સંત આવ્યા - એણે પહેલા મજૂરને પૂછ્યું, ભાઈ શું કરે છે? મજૂરે ગુસ્સામાં કહ્યું, દેખાતું નથી તને ? પથ્થર થોડું છું...

થોડે દૂર કામમાં નિમગ્ન બીજા મજૂરને પુછ્યું - ભાી, તું આ શું કરે છે ? મજૂર કહે - બાબા, પરિવારની રોજીરોટી માટે તનતોડ મહેનત કરું છું...

સંત ત્રીજા મજૂર પાસે ગયા - પૂછ્યું - ભાઈ તું આ શું કરે છે ? મજૂરે સંતના ચરણ સ્પર્શ કર્યા અને કહ્યું બાબા, મારા કોઈ પુણ્યકર્મના ફળને કારણે મને આ મંદિર નિર્માણમાં થોડું ઘણું શ્રમકાર્ય કરવાની તક મળી છે, રોજીરોટી સાથે ઈશ્વરની ભક્તિ પણ થાય છે... પોતાના કામ-ફરજ-કર્તવ્યોને જોવા હકારાત્મક દૃષ્ટિ કેળવવાની જરુર છે.

## તંત્રીસ્થાનેથી...

# ઉત્તરાખંડનો દાવાનળ : માનવ સર્જિત આપદા કે કુદરતનો કેર?

કાળઝાળ ગરમીથી શેકાતું ગુજરાત ભાગ્યે જ સહી શકે એવું અગ્નિતાંડવ દેવભૂમિ ઉત્તરાખંડ વરસોવરસ સહન કરતું આવ્યું છે. ગાઢ જંગલો અને રમણીય પર્વતમાળાની પ્રાકૃતિક સંપદા ધરાવતા આ પ્રદેશને કુદરતી આપદાઓ સામે ઝઝૂમવાનો અભિશાપ મળ્યો હોય એમ થોડાં વરસ અગાઉ જળપ્રલયથી બદબાદ થયેલ રાજય એક તરફ ભારે રાજકીય કટોકટીનો સામનો કરી રહેલ છે અને બીજી તરફ એના તેર જિલ્લાઓનાં જંગલ ભડકે બળી રહ્યાં છે. આ અગ્નિ તાંજવ એટલું ભયંકર છે કે સેના પણ એને કાબૂમાં લઈ શકી નથી. કેન્દ્ર સરકારે તમામ પ્રકારની શક્ય સહાયતા કરવાની ખાતરી જરુર આપી છે. પરંતુ ઉમાશંકર જોશીના સૉનેટ 'બળતાં પાણી' જેવી જ બૂમ આજે ઉત્તરાખંડનો વનવાસી પાડી રહ્યો છે : 'અરે, એ તે કયારે? - ભસમ સહુ થઈ જાય પછીથી?' અનેક પશુઓ જીવતાં ભૂંજાયાં છે. ઘણાં માણસોએ પણ જીવ ગુમાવ્યો છે. ગામોનાં ગામો ખાલી થઈ ગયા છે. ઊભા પાક સળગી ગયા છે અને વનવાસીઓ માટે જીવવું દોહ્યલું બની રહ્યું છે. ઉત્તરાખંડની વન્યજીવ સૃષ્ટિ જીવ બચાવવા અહીંથી તહીં રઘવાઈ થઈને દોડંદોડ કરી રહી છે. કેન્દ સરકાર દ્વારા રીતસર 'કાઢી મુકાયેલા' મુખ્યમંત્રી હરીશ રાવતે રાજયને અગ્નિતાંડવ શા કારણે થતું હશે, એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. આમ તો છેક મહાભારત કાળથી આવાં અગ્નિ તાંડવ થતાં રહેતાં હોવાનો ઉલ્લેખ મળે છે. કયારેક અર્જુને ખાંડવ વન બાળ્યું હતું. એનો બદલો લેવા તક્ષક નાગે ઘણા કારસા કર્યા હતા. ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતી વનમાં તપશ્ચર્યા કરતાં હતાં ત્યારે જંગલ સળગ્યું હતું. ત્રણે વૃદ્ધો એ દાવાનળના સકંજામાં આવીને ભડથું થઈ ગયાં હતા. જંગલમાં કયારેક વૃક્ષોની ડાળીઓ એકમેક સાથે ઘસાવાથી તણખા ઝરે છે અને એમાંથી મોટી આગ લાગતી હોય છે, જેને કાબૂમાં લેવી મુશ્કેલ બની જાય છે. પર્વતીય પ્રદેશોમાં ભારે ઝડપથી પવનો ફૂંકાતા રહે છે, જે આગને ફેલાવવામાં મદદરુપ બને છે. વળી એ આગ ઠારવા માટે જરુરી જળસ્ત્રોત પણ હવે તો સુકાઈ ગયાં છે. તેથી જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હેલિકોપ્ટરો અને મિગ વિમાનો મારફતે જળ છંટકાવ કરીને આગને કાબૂમાં લેવાના આદેશો આપવા પડ્યાં છે. ઉત્તરાખંડમાં ગત વર્ષનું ચોમાસું નબળું રહ્યું હોઈ જળસ્ત્રોતો ખાલી પડ્યાં છે. આગ લાગવાનું બીજું કારણ છે જંગલ માફિયા અને શિકારીઓ. એ લોકો પોતાના નિહિત સ્વાર્થ ખાતર આગ લગાડી દેતા હોય છે. ભારત સરકાર કે ઉત્તરાખંડની રાજય સરકાર આવાં માથાભારે તત્ત્વોને જેર નથી કરી શકી તે કઠોર વાસ્તવિકતા છે. આગ લાગવાનું ત્રીજું કારણ : બીડી-સિગારેટ બુઝાવ્યા વગર જ ફેંકી દેવાથી સૂંકા પાન સળગી ઊઠવાથી ફેલાય છે તે. ભારતમાં પ્રકૃતિ અને પર્યાવરણની સદંતર ઘોર ઉપેક્ષા થતી રહે છે, છેવટે પ્રકૃતિ કોઈને કોઈ સ્વરુપે વેર વાળતી રહે છે. દાવાનળ પણ એવી જ એક કુદરતી પ્રતિક્રિયા છે. જો કે એથી જમીન વધુ ફળદ્રુપ બને છે, તે પણ એટલું જ સાચું છે.

# સાંપ્રત સમયનો પડઘો : હેલ્લો ફ્રેન્ડ્સ



## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

સાહિત્ય અને પત્રકારિત્વ... સામાજિક પરિવર્તનના બે મોટા પરિબળો છે. માધ્યમો છે. આ બંને એકબીજાની સાથે ભલે છે ત્યારે સમાજમાં નવા પરિવર્તનો આવે છે. આ બંને એકબીજાના પુરક બનીને શબ્દની આરાધના કરે છે ત્યારે સાહિત્ય અને પત્રકારિત્વને પણ ગૌરવ પ્રાપ્ત થાય છે કેમ કે બંને માધ્યમો સમાજ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા છે.

ગુજરાતી ભાષામાં પત્રકારિત્વની એક આખી પરંપરા છે. ગુજરાતમાં જયારે માતબર અને સાહિત્ય વાંચનથી ભરપૂર દૈનિક અખબારો જોરશોરથી ચાલી રહ્યા છે. ત્યારે સ્થાનિક કક્ષાએ અને આસપાસના જિલ્લાઓમાં પોતાની એક ઓળખ ઊભી કરવી એ કોઈ પણ દૈનિક અખબાર માટે કપરું કામ હોય છે. પરંતુ 'ગાંધીનગર સમાચાર' દૈનિક અખબારે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. છેલ્લા ૩૧ વર્ષથી નિયમિત પ્રગટ થતું આ દૈનિક અખબાર આજે ગાંધીનગરમાં તો ઘેર ઘેર વંચાય છે પણ આસપાસના જિલ્લાઓમાં પણ ઠેર ઠેર જાય છે. આ અખબારની લૌકપ્રિયતાનું સૌથી મોટું કારણ હોય તો એની તટસ્થતા, શિસ્ત, સકારાત્મકતા, રાષ્ટ્રીયતા અને સાહિત્યતા.

આ 'ગાંધીનગર સમાચાર' આ એક લોકપ્રિય કટાર લેખક એટલે 'સંજય થોરાત' છેલ્લા ૬ વર્ષથી તેઓ 'હેલ્લો ફ્રેન્ડ્સ' નામની કૉલમ નિયમિત આ અખબારમાં લખે છે. આમ જોઈએ તો આજે શિષ્ટ સાહિત્યથી વિશેષ આ કોલમી સાહિત્ય વંચાય છે. કોલમી પુસ્તકો વિશેષ વેચાય છે અને વંચાય છે. કેમ કે એમાં સાહિત્ય ભાષાના કોઈ કાલ્પનિક આવરણો નથી હોતા. સાદા અને સરળ ભાષામાં સીધી રજૂઆત હોય છે. દરેક વાચકને પોતાની ભાષામાં લખાયું હોવાની અનુભૂતિ થાય છે. અને તેથી તે આખો લેખ કે પુસ્તક વાચવા પ્રેરાય છે.

શ્રી સંજય થોરાત 'હેલ્લો ફ્રેન્ડસ્' માં પચાસ જેટલા લેખો લઈને આવે છે. જેમાં સાંપ્રત સમયના વિવિધ વિષયોને વણી લેવામાં આવ્યા છે. મોબાઈલ અને ટીવીના આગમનથી પડેલા એના પ્રભાવની વાત, નવા વર્ષે નવા સંકલ્પોની, સપનાઓની વાત, કૉલેજના કલાસરૂમમાં થતા નવાં અભ્યાસની વાત યુવાનોને પ્રેરણા પૂરી પાડે છે. તો વળી 'પિયરથી સાસરું'માં ૮ જીબીની પૅનડ્રાઈવમાં આખું બાળપણ નાખી લઈ આવવાનું કલ્પન તાજગી બક્ષે છે ગર્ભમાં રહેલી દીકરીની સંવેદના 'બેટી બચાવો' આંદોલનને બળ પુરું પાડે છે. કૉલેજ સ્કૂલના ડ્રેસકોડથી શરુ થતી વાત સૈનિક, પોલીસ, નર્સ, શિક્ષક સુધી પહોંચે છે. ડર કે આગે જીત હૈ - નો પ્રેરણાત્મક પ્રસંગ, કર્મના ફળની ધાર્મિક અને વ્યવહારિક વાત, ચૂંટણી સંદર્ભે 'વટ્ટ કે સાથ વૉટ' માં વીડિયો ક્લીપીંગના નમૂના યુવાનો માટે પ્રેરણાદાયી બને છે અને શ્રેષ્ઠ તથા યોગ્ય મતદાનની વાત ઉપયોગી બની રહે છે. 'આમ આદમી' શબ્દ દ્વારા આદમી પ્રત્યેના વ્યંગ્ય સમાજ માટે કેટલાંક પ્રશ્નચિહ્નો મૂકી જાય છે. બચ્ચનસરના પિરિયડમાં ભાવકોને ભણવાની મજા પડે છે. તો વળી ૧૪, ફેબ્રુઆરી, વેલેન્ટાઈન ડે ને દિવસે શું ગીફ્ટ આપવી એની યાદી આપીને એની હળવી ચર્ચા કરવામાં આવી છે. વેલકમ-૨૦૧૪માં થર્ટી ફર્સ્ટની પાર્ટીનો માહોલ અને બગડતી સંસ્કૃતિનું આલેખન અને ઉપદેશ આપણને વિચારવા પ્રેરે છે. તો વળી એઈડ્સ્ની આભડછેટની વાત કરીને લેખક જનજાગૃતિનું કાર્ય પણ સહજતાથી કરે છે. ક્રિકેટની રમતની વાત પણ યુવામાનસને ગમે તે રીતે લઈને આવે છે. આપણો મુખ્ય તહેવાર 'દિવાળી' ના ઝગમગાટની વાત પણ ઉત્સાહપ્રેરક છે. જેના સંદર્ભે ગરીબ અને અમીર વચ્ચેની સામાજિક - આર્થિક ભેદરેખાનું સંવેદન લેખક ચોટદાર રીતે પ્રસ્તુત કરે છે.

ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરની નિવૃત્તિને પણ આ સર્જક લેખનો વિષય બનાવી દે છે. 'તારો ફોટો પોર્નસાઈટ પર છે.' દિપાલીને કહેવાતા આ લેખમાં સાઈબર ક્રાઈમ જેવા વિષયની સાંપ્રત સમસ્યા લાવીને લાલબત્તી ધરે છે. તો વળી સંસારને સાચવવાની વિવિધ કલાત્મક રીતો પણ આ સર્જક વાચકોને શીખવે છે.

આ સર્જકની કેમેરા નજર ગાંધીનગરના સેકટરોમાં ફરી ચૂકી છે. સેકટર-૨૯ના બગીચામાં બેસતા સિનિયર સિટીઝનની વાતોની અવનવી રંગીન દુનિયાનું દર્શન નવીન ઢબે થયું છે અને એમાંથી પ્રગટતી વેદનાની વાત વાચકોનું હૈયું ભારે કરી દે છે. જયારે ગૃહસંસારમાં થતી ઘરેલું હિંસાની સમસ્યા પણ અહી પ્રગટે છે. સંસારને સાચવવાની બાબતે અહીં પતિ-પત્નીએ એકબીજાને ટાઈમ આપવો જોઈએ એવું વ્યવહારું અને ઉપયોગી ચિંતન પણ જોવા મળે છે. આધુનિક યુગનાં સંદર્ભે મા-દીકરાના સંબંધની કડવી વાસ્તવિકતાનો સંવેદનાત્મક ચિતાર અહીં જોઈ શકાય છે. તો વળી વરસાદના ઉન્માદની વાત કાવ્યાત્મક સ્તર પર રજૂ થાય છે, જયારે એક વૃદ્ધ સ્ત્રીને વૃદ્ધાશ્રમ સુધી પહોંચાડવાની વાત સંવેદનાત્મક સ્તર પર રજૂ થઈ છે.

ગુજરાતી સાહિત્યમાં આજકાલ અઘરું અને ગંભીર સાહિત્ય ખુબ લખાય છે. જેને આજની યુવા પેઢી વાચવાનું પસંદ કરતી નથી. વળી ૨૧મી સદીનું સાહિત્ય પોતાની જૂદી ઓળખ લઈને આવ્યું છે. એને ચિરસ્થાયી નથી થવું પણ હૃદયસ્થાયી થવું છે. સંજય થોરાતના

**અનુસંધાન પાના નં. ૭ પર**

# 'ચોરી' મેરા કામ...!!!




માર્ચ ૨૦૧૬મા અમેરિકાની રક્ષા સંસ્થા 'પેન્ટાગોને' એક અનોખી જાહેરાત કરીને સમગ્ર વિશ્વને ચોકાવી દીધું. પેન્ટાગોને એક ઓપન નોટીસ પ્રસિદ્ધ કરીને અમેરિકાના ચોરોને એક વિચિત્ર આમંત્રણ આપ્યું. પેન્ટાગોન કે જેમાં અમેરિકાની સંરક્ષણને લગતી ઓફિસો, નીતિઓ, ડેટા, માહિતીઓ અને લોકોનો જમાવડો હોય છે અને એ અમેરિકા અને વિશ્વની દ્રષ્ટીએ મહત્વનું સ્થળ મનાય છે એ પેન્ટાગોન વેબ્સાઈટ હેક કરવાનું જાહેર આમંત્રણ પેન્ટાગોને હેકર્સોને આપ્યું એટલું જ નહિ પણ જે પણ હેકર્સ પેન્ટાગોનની સાઈટ હેક કરી બતાવે કે એમાં રહેલી ભૂલો વિષે જાણકારી આપે એમને તગડું ઈનામ પણ આપવાની જાહેરાત કરી...! ઈનફેક્ટ આ ચોરી લીક્વીડ નહિ પણ સાયબર વર્લ્ડની છે એટલે કે ડીજીટલ છે પણ આનાથી પેન્ટાગોન જાણવા માંગે છે કે એમની આ અતિ અગત્યની અને સવેદનશીલ સાઈટમાં કે જેની અંદર અનેક ગુપ્ત માહિતીઓ સચવાયેલી છે એમાં કશી ભૂલ કે છીંડા તો નથી રહી ગયા ને..? 'હેક ધ પેન્ટાગોન' નામની આ જાહેરાતના જવાબમાં કેટલા 'ચોરો' એ એપ્લીકેશન કરી છે એ તો હજી સુધી ખ્યાલ નથી આવ્યો પણ આ જાહેરાતથી એટલું તો સાબિત થાય છે કે હેકર્સોનો ડર અને બીક અને હેસિયત કેટલી હદે જગતમાં ફરી વળેલ છે....!

આજે દુનિયા ડીજીટલ થતી જાય છે ઓનલાઈન થતી જાય છે દુનિયા સાયબર વર્લ્ડમાં રૂપાંતર થતી જાય છે. લગભગ બધું જ કામ ધીરે ધીરે ઓનલાઈન કે ડીજીટલ થતું જાય છે. પહેલા ફાઈલોમાં બંધ રહેતી ગુપ્ત કે બીજી માહિતીઓ આજે ડીજીટલ આકાશમાં સચવાતી થઇ ગઈ છે. ટેકનોલોજી ઝડપભેર વધતી રહી છે. રોજ નવા નવા ઓનલાઈન પોર્ટલ અને એમાંની માહિતીઓ આમથી તેમ થતી રહે છે. ટેકનોલોજી જેટલી ઝડપથી વધે છે એટલી જ ઝડપથી વધી રહી છે આ ટેકનોલોજી ડેટા માહિતીની ચોરી કરવાની તરકીબો..! ટેકનોલોજીમાં સાયબર સીસ્ટમથી છીંડું પાડીને આવી ડીજીટલ ચોરી કરવાનું કામ કરે છે હેકર્સ..! સાદી ભાષામાં ડીજીટલ ચોર....! સાયબર ચોર...! ઈમેલ એકાઉન્ટ હેક કરવું, ડેટા ચોરી કરવા, નકલી ઈમેલથી કોઈની પર્સનલ માહિતીઓ જાણવી, પાસવર્ડ ચોરવા અને એની મદદથી બેંક કે ઈમેલની માહિતીઓ આમથી તેમ કરવી આવા અનેકો કામ (જેને સાયબર વર્લ્ડની ભાષામાં ક્રાઈમ કહે છે) હેકર્સો આસાનીથી કરી બતાવે છે. ક્યારેક પૈસા લઈને તો ક્યારેક શોખથી આવા ક્રાઈમો કરતા હેકર્સોનો રાફડો વિશ્વભરમાં ફાટ્યો છે અને હજુ એમાં વધારો થતો જ જવાનો કેમકે એક તો આ કામમાં પૈસા તો છે જ પણ સાથે સાથે એક રોમાંચ કિક નશો પણ છે. કોઈની સંપૂર્ણ સલામતીવાળી વેબ્સાઈટ કે સર્વરને હેક કરીને માહિતીઓ ચોરવાનો ડીજીટલ નશો...!

વડોદરાના હેકરે પાકિસ્તાન ટેલીફોનની સાઈટ હેક કરીને કુખ્યાત ડોન દાઉદ ભારતમાં કોની કોની સાથે વાત કરે છે એનો ભાંડો હમણાં જ ફોડ્યો છે તો રિતિક અને કંગનાના એકબીજા પર કાદવ છળ પ્રકરણમાં પણ કોઈ હેકરે ઈમેલ એકાઉન્ટ હેક કર્યાનું ગાણું ગવાઈ રહ્યું છે. પઠાનકોટમાં પાકિસ્તાની ત્રાસવાદીઓએ કરેલા હુમલાના વિરોધમાં ગુસ્સે થઈને ભારતીય હેકર્સના એક ગ્રુપે પાકિસ્તાન સરકારની ૨૦ વેબ્સાઈટ હેક કરીને દરેક વેબ્સાઈટ પર તિરંગો ફરકાવી દીધેલો. આયે દિન તમારા ને મારા ફેસબુક એકાઉન્ટમાં ભાય શ્રી ઝુકરબર્ગ આવી આવીને વિનંતી કરતો હોય છે કે પ્લીઝ તમારો પાસવર્ડ દર ત્રણ મહીને બદલાવી નાખવો. જીમેલ કે યાહુમાં અમુક ચોક્કસ સમય પછી લોગીન થતા જ પાસવર્ડ પ્રોટેક્શન ક્વેશ્ચન અચૂક આવે જ છે. તમારી બેન્કસ તમને સમયાંતરે યાદ દેવડાવે છે કે તમારો ઓનલાઈન ટ્રાન્ઝેક્શન પાસવર્ડ બદલતા રહેવું, ઈનફેક્ટ બેંક એમ પણ કહે છે કે અમારા નામે આવેલા કોઈ પણ ઈમેલ કે જેમાં લોગીન થવાનું કહેવાયું હોય એ ખોલવા નહિ...! ડગલે ને પગલે સાવધાની રાખવી પડે છે કેમકે આ સાયબર ચોરો ટાંપીને જ બેઠા હોય છે, જેવી કોઈક કમજોર કડી હાથમાં આવી કે ઉડ્યું સમજો તમારું બેંક કે સોશિયલ એકાઉન્ટ...!

પહેલા તો શું હતું કે આ હેકર્સોને આવી ચોરીઓ માટે બહુ મહેનત કરવી પડતી. સીસ્ટમના આખાને આખા સોફ્ટવેરની મહિનાઓ સુધી ઐસી કી તૈસી કરવી પડતી. જો કે હજુયે ફૂલપ્રૂફ સોફ્ટવેર સીસ્ટમ તો કોઈની કહી શકાય નહિ એટલે ચોરો ને મહેન્તો તો કરવી જ પડે પણ હવે એક બીજો આસન સોર્સ પણ છે આ ચોરી માટેનો અને એ છે મોબાઈલ્સ...! આજકાલ પીસીનો ઉપયોગ ઓછો ને સ્માર્ટફોનનો વધુ થવા લાગ્યો છે ઈનફેક્ટ લગભગ દરેક સર્વિસીસના એપ મોજુદ છે જેમાં તમે લોગીન છો ને સાથે સાથે તમારી ડીટેલ્સ પણ. બસ બહુ થયું આટલું તો..! માલ્વેર અને વાયરસના નામે ઈન્સ્ટોલ થતા અદ્રશ્ય સોફ્ટવેર્સની મદદ લઈને આ હેકર્સો આરામથી તમારા મોબાઈલની માહિતીઓ ચોરી કરી શકે છે...અરે કરી શકે છે શું? કરે જ છે..! અતિ સુરક્ષિત માનતા એપલ આઈફોનના આઈક્લાઉડ પરથી ૫૦૦થી વધુ સેલેબ્રીટીના અંગત ને ખાનગી કહી શકાય એવા નગ્ન અને સાદા બંને પ્રકારના ફોટાઓ ૨૦૧૪મા વિશ્વભરમાં રમતા થઈ ગયેલા. આ સુરક્ષિત આઈક્લાઉડ એકાઉન્ટ હેક કરનાર રયાન કોલીન્સે ગુનો કબુલ કર્યા પછી આ કરવાની રીત બતાવેલી કે એણે ગુગલ અને એપલના બોગસ ઈમેલ બનાવીને આ લોકોને મેલ કરેલા કે લોગીન ડીટેલ આપો..! બસ આટલું પુરતું હતું હેક કરવા માટે..! હેકર્સો સતત ફાંફાફોળા કરતા રહેતા હોય છે અને હવે તો આમાં પણ ગ્રુપ્સ હોય છે. એકથી વધુ હેકર્સ કોઈ એક પ્રોજેક્ટ પર લાગેલા હોય છે. અણુયુદ્ધની તો ખબર નહિ પણ હવે પછીનું યુદ્ધ ચોક્કસપણે સાયબર વોર જ હશે એટલી હદે એકબીજા દેશોની સાઈટો હેક થતી રહે છે. ઈવન હવે તો આઈએસઆઈએસ જેવા ત્રાસવાદી ગુઠો પણ હેકર્સો રાખતા થઇ ગયા છે તો સામે કોઈ અજાણ્યા હેકર્સ ગ્રુપે આઈએસઆઈએસની સાઈટની પોલો ખોલી નાખી છે...ઓનલાઈન જંગ બરાબરનો જામ્યો છે!



## રઝળપાટ

અજય ઉપાધ્યાય

એવું નથી કે હેકર્સ ખાલી આવા ખરાબ કે ચોરીના જ કામો કરે છે. વડોદરાના હેકર માનીશ ભંગાલેની જેમ ઘણા હેકર્સ સારા કામો પણ કરતા હોય છે આઈ મીન આમ તો ચોરી જ કહેવાય પણ એ જે તે કંપની કે ફર્મને બતાવે છે કે તમારી સીસ્ટમ કે સોફ્ટવેરમાં ક્યાં ખામી છે કે જેને લીધે એ હેક થઈ શકે છે. સાયબર ભાષામાં આવા હેકર્સને એથીકલ હેકર્સ કહે છે યાની કી આપણી ભાષામાં ઈમાનદાર ચોર...! દેશની માટે કઈ કરી છૂટવાની ભાવનાથી મનીષે કરેલું હેકિંગ એને એથીકલ હેકર્સની શ્રેણીમાં મુકે છે. આ એથીકલ હેકર્સ કોઈ કંપની/સંસ્થા/સરકાર માટે કામ કરતા હોય છે અને એમનું કામ એક જ હોય છે કે કંપની કે સંસ્થાના કોમ્પ્યુટર નેટવર્ક કે ઓનલાઈન ડેટામાં રહેલા લુપહોલ્સની જાણકારી આપવી અને એને દુર કરવી

**અનુસંધાન પાના નં. ૭ પર**

# જીવનની નાની નાની ખુશીઓ અને નાની-નાની બાબતોને લક્ષ્યમાં રાખીએ તો નિરસ અને ઉદાસ જીવન હર્યુંભર્યું અને હસતું ખેલતું બની જાય

**મેં મસરુફ થા બિરયાની કે નુક્સ,**
**નિકાલને મેં, ઔર**
**વો સૂખી રોટી કે લિયે રબ કો લાખ,**
**શુકરાના દે ગયા.**

*જીવનમાં આપણે બધા જ કંઈક ને કંઈક પામવાની કે મેળવવાની એક અદ્દશ્ય દોડના પ્રતિસ્પર્ધીઓ છીએ.સમજણ આવતાની સાથે જ અપેક્ષાઓ અને ઈચ્છાઓના બોજા તળે કયારે આપણે અજાણતાં જ દોડતાં થઈ જઈએ છીએ તેનો ખુદને પણ અહેસાસ રહેતો નથી. કંઈક વધુ, કંઈક વિશેષ અને કયાંક પહોંચવાની આ હોડમાં વર્તમાન ક્ષણને કે વર્તમાનમાં આપણી પાસે જે છે તેને માણવાનું કે તેને જોઈ શકવાનું સામર્થ્ય આપણે ખોઈ બેસીએ છીએ. અને આ પ્રકારે કંઈ ને કંઈ મેળવવાની અને કયાંક પહોંચવાની આ મુસાફરીમાં દરેકે દરેક વ્યક્તિ પોતાનું એક અલગ જ યુદ્ધ લડતો થઈ જાય છે.* Everyone is fighting their own battles on different battle fields. *મોબાઈલ અને સોશિયલ મીડિયાને કારણે આપણે આમ નજીક આવ્યા છીએ પણ આમ પરિવાર અને અંગત સ્વજનોથી દૂર થઈ ગયા છીએ. આપણી તકલીફો કે આપણી મુશ્કેલીઓમાં એટલા બધા અટવાયા છીએ કે આપણી પાસે આજે અને આ ક્ષણે જે છે તેને જાણી પણ શકતા નથી; તો માણવાનો તો પ્રશ્ન જ કયાંથી ઉદ્ભવે ? માણસના મનમાં શું ચાલી રહ્યું છે અને તે કેવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તે કોઈ કહી શકે નહિ. માટે 'જટિલ' લખે છે -*


*"મીણબત્તીને સૂરજ માની જીવ્યા તે આપણે, ને ફરીથી સ્વર્ણ-મૃગ પાછળ પડયા તે આપણે..."*

*ઈશ્વરની રચેલી આ સુંદર સૃષ્ટિમાં આપણે સ્વસ્થ અને તંદુરસ્થ હોઈએ તે પણ એક વરદાન જ ગણાય ! આટલી સુંદર પ્રકૃતિને માણી શકીએ એવા શારીરિક સ્વાસ્થ્યની સાથે-સાથે સૃષ્ટિને અને તેના સુંદર સર્જનને માણી શકીએ તેવી માનસિકતા મળે તો જીવન જીવવા જેવું લાગે. પ્રશ્નો, સમસ્યાઓ અને તકલીફો તો આવી છે અને આવ્યા જ કરશે પણ સવાર પડતાંની સાથે જ આપણી આસપાસ બનતી ઘટનાઓમાં કંઈક ને કંઈક* positive *બાબત જોવાનો દૃષ્ટિકોણ કેળવીએ તો* life*ની આ વાનગીમાં એક નવો* taste *ઉમેરાઈ જશે. આપણા સૌના જાણીતા અને માનીતા શ્રી હિરેનભાઈ ભટ્ટ હમણાંથી એક સુંદર ફોટોગ્રાફ સાથે થોડી એવી* line*જ લખીને ફેસબુક પર* share *કરે છે કે જેને જોઈને આપણી બેટરી રીચાર્જ થઈ જાય. આપણી આસપાસ બનતી સાવ સામાન્ય અને ક્ષુલ્લક લાગતી આવી વાતોમાં જીવનનો પરમ આનંદ છુપાયેલો મળી જાય તેમ પણ બને ! ડો. મુકેશ જોષી લખે છે તેમ,*

**'એક ચકલીની વળી વિસાત શું ?**
**એ કશું શીખવી શકે, ઓકાંત શું ?'**

*આપણે માણસો પોતાને જ સર્વશ્રેષ્ઠ માનવાની ભૂલ કરી બેસીએ છીએ ત્યારે ચકલી એક નવીન સંદેશ આપી આપણને ઢંઢોળે છે કે,*

**'પાંખ નાની ફફડાવી એ ઉડે,**
**આભને વળી સીમાડા હોય શું ?**
**એક એક તરણું લઈ ચાંચમાં,**
**જે બને માળો, દસ્તાવેજ હોય શું ?**
**એક ચીં ચીં આંગણું જીવતું કરે,**
**એથી મધુર સંગીત બીજું હોય શું ?**
**છીછરું પાણી ને એ નર્તન કરે,**
**ઉલ્લાસનો આકાર, બીજું હોય શું ?'**
**વૃક્ષને ગાતું કરે છે ચકલી આ,**
**એ જ જીવનગાન, બીજું હોય શું?'**



## WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

*આપણી પાસે શું નથી અને જીવનમાં હજુ કેટલું મેળવવાનું બાકી છે એ જ બાબતને સતત યાદ રાખવાને બદલે આપણને કેટલું મળ્યું છે અને કેટકેટલું પામ્યા એ બાબત વિષે વિચારીએ તો જીવન ભારરુપ ન લાગે. આજકાલ નાની-નાની બાબતોમાં ડિપ્રેશન, ફ્રસ્ટ્રેશન અને ગુસ્સો આવી જવો એ એક સર્વસામાન્ય સમસ્યા બની ગઈ છે. ત્યારે જીવનની આ નાની નાની ખુશીઓ અને નાની-નાની બાબતોને લક્ષ્યમાં રાખીએ તો નિરસ અને ઉદાસ જીવન ફરીથી હર્યુંભર્યું અને હસતું ખેલતું બની જાય. 'ગની' દહીંવાલા લખે છે તેમ,*

**'ખરી જતાં ગુલાબને હવે**
**ઝીલીશું ખોબલે**
**ઊડી જતી સુવાસને સમાવી**
**લેશું અંતરે**
**ખડા થઈ જશું, વહીં જતાં**
**સમયની વાટમાં**
**ભરીશું હર્ષનો ગુલાલ,**
**શોકના લલાટમાં'**

*આપણી પાસે જે છે અને આપણે ઈશ્વરકૃપાથી જે કંઈ પામ્યા છીએ તેના માટે કેટલાય લોકો રાત-દિવસ દુવાઓ અને પ્રયત્નો કરી રહ્યા છે એ વાત હંમેશા યાદ રાખીએ. માટે આપણી પાસે જે કંઈ છે તે કુદરતની રહેમદૃષ્ટિથી જ પ્રાપ્ત થયું છે તો તેનો પૂરેપૂરો આનંદ માણીએ અને આ પ્રકારના જીવન માટે પરમકૃપાળું પરમાત્માના શ્વાસે-શ્વાસે ઋણી રહીએ. ફરિયાદો કરવાનું છોડીને આવેલી ક્ષણને મન ભરીને માણતાં શીખી લઈએ તો જીવન એક નવા જ સ્વરુપે નીખરી ઊઠશે!*

- nehalgadhavi101@gmail.com